☆ Vol. -1 ☆ Issue No.-6 ☆ 10th June 2015
☆ RNI No: GUJGUJ/2015/59960 ☆ Price: Rs. 30/-
Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHRITABLE TRUST
865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD-382 440.

# હાદી માસિક

અંક ૦૬



બાળકો અને
નવયુવાનો માટે

શાઅબાન હિજરી સન ૧૪૩૬
જૂન – ૨૦૧૫

રૂ/. 30/-

# મુશ્કેલીઓ દૂર થાય તે માટેની દુઆઓ

(ક્રમશ : ચાલનાર લેખમાળા)

## પાંચમી દુઆઃ દુઆએ મખ્ઝૂન

ઈમામે જાઅફર સાદિક અ.સ. થી રિવાયત છે કે સવારે અને સાંજે ત્રણ-ત્રણ વખત આ દુઆ (હમેશાં) પઢતાં રહોઃ

અલ્લાહુમ્મજઅલની-ફી-દિરએકલહસનતિલ્લતી-તજઅલઓ-ફીહ઼-મન-તૂરીદો.

અર્થાતઃ હે મારા અલ્લાહ! મને તારા મજબૂત કવચમાં રાખ. (એ કવચ) કે જેમાં તું જેને ઈચ્છે તેને જ રાખે છે.

## છઠી દુઆઃ આજીવિકાની યાચના માટે

નમાઝ અદા કર્યા પછી સજદામાં કહોઃ

યા ખૈરલ મસઊલીના-વ-યા ખૈરલ-મોઅતીના-ઉર્ઝુકની વર્ઝુક અયાલી-મિન-ફઝલેકા-ફ-ઈન્નક઼-ઝુલ-ફઝલિલ-અઝીમ.

અર્થાતઃ જેમની પાસે યાચના કરવામાં આવે છે તેઓ બધાથી સર્વશ્રેષ્ઠ ઝાત અને તે આપવાવાળાઓ પૈકી સૌથી શ્રેષ્ઠ આપનાર પોતાની દયા-કૃપાથી મને અને મારા સંતાનોને આજીવિકા આપ કેમકે તું તો અત્યંત દયાળુ અને કૃપાળુ છે.

## શાઅબાન, હીજરી સન ૧૪૩૬ જૂન-૨૦૧૫

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**
અરવાહોના ફિદાહ. અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રિઝવી સાહેબની યાદમાં**

મુખ્ય તંત્રીઃ સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

કાર્યવાહક તંત્રીઃ સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકોઃ અહમદ રેઝા ઝુરારહ
તાલીમ રેઝા અજમેરી
એહસાન અલી રિઝવી

અનુવાદકઃ સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી (આઈ. એ. એસ.) નિવૃત્ત

શુષોભનઃ Web Grafix મોહમ્મદ તાહીર
9898937633 E-mail: smtahir202@gmail.com

**વિગતો માટે સંપર્કઃ હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ, ગુજરાત, ભારત-૩૨૨૪૪૦
ફોનઃ ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૩૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

**E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org**


બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

મારા વહાલા બાળકો અને નવયુવાનો!

અસ્સલામો અલયકુમ

આપની જ દુઆઓ અને શુભેચ્છાઓને કારણે આપનો આ “હાદી” ઘણીબધી દીની અને દુન્યવી જાણકારી લઈને દર મહીને આવે છે અને આવતો રહેશે.

આ શાઅબાન માસમાં આપણાં માટે ખુશાલીઓનો ખજાનો છે.

૩જી શાઅબાનના દિવસે આપણા વહાલા નબી સ.અ.વ. ના વહાલા નવાસા ઈમામ હુસૈન અ.સ. ની વિલાદત (જન્મ) થઈ હતી જેને કારણે સમગ્ર મદીના શહેરમાં અને નબીનું ઉપવન ખુશાલીઓથી છલકાઈ ઉઠયું હતું.

૪ શાઅબાનનો દિવસ પણ આપણા માટે એક મોટી ખુશાલીનો પ્રસંગ છે કેમકે તે દિવસે આપણાં આકા- અબુલ ફઝલિલ અબ્બાસ- અલમદારે કરબલા- સક્કાએ સકીનાની પુણ્યશાળી વિલાદત થઈ હતી.

૧૫ શાઅબાનના દિવસે આપણાં ઈમામે ઝમાના અ.જ. ની પણ પુણ્યશાળી વિલાદત થઈ હતી અને પંદરમીએ જ “શબે બરાત” પણ છે જે આપણા માટે ઘણી મોટી પ્રસન્નતાની તારીખ છે.

વહાલા બાળકો! આપણે આ દિવસોમાં એ બાબતનો ખાસ ખ્યાલ રાખવાનો છે કે શરીઅતની મર્યાદામાં જ રહીને ખુશાલી મનાવવામાં આવે. તબર્રુક અને મિઠાઈઓ વહેંચવી છે. સલવાત અને સલામ સાથે એકબીજા સાથે હાથ મિલાવવા છે અને એકબીજાને ભેટવાનું છે અને પોતાના મિત્રોને ભેટ સોગાદ આપવી છે.

વસ્સલામ!!!

## “હાદી” માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરોઃ

અમદાવાદઃ (૧) શબ્બીર ભાઈ નુરાની ફોનઃ 9376168306
(૨) મૌલાના ઝફરુલ હસન ફોનઃ 9327536638
(૩) ઝાકીર ભાઈ મોમીન ફોનઃ 9327041314
ભાવનગરઃ મુસ્તાકભાઈ વિરાણી ફોનઃ 9824538114
મહુવાઃ મહેદીરઝા એમ. બંભોરા ફોનઃ 9924327227
કાણોદરઃ નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોનઃ 9998773611
મેતાઃ મોહસીનભાઈ કદાવાલ ફોનઃ 9898369089
ભરૂચઃ મુશ્તાકઅલી પાનવાલા ફોનઃ 9824243051
સેલવાસાઃ ગુલાબ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ 9825999978
ધોળકાઃ કમરઅલીભાઈ મોમીન
ડેડીયાપાડાઃ રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી ફોનઃ 9427175231
રાજુલાઃ મૌલાના હસન મહેદી ફોનઃ 9904146110
સિહોરઃ હસનઅલી વજીરઅલી વસાયા ફોનઃ 9879969868
અંજારઃ રફીકભાઈ ખોજા ફોનઃ 9925318621
કચ્છઃ મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોનઃ 9824216470
રૂસ્તમપુરાઃ સૈયદ આશીક હુસૈન ફોનઃ 9824119372

ખાસ નોંધઃ સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

**વાર્ષિક લવાજમ રૂ! ૩૦૦/-**

# ઈમામ હુસૈન

આ માસમાં જેમનો પુણ્યશાળી જન્મ થયો હોય તેવા અત્યંત પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં એક ઈમામ હુસૈન અ.સ. છે. આપ અ.સ. આપણાં ત્રીજા ઈમામ અને ઈસમતની શૃંખલાની પાંચમી કડી છે.

પુણ્યશાળી જન્મઃ ત્રીજી શાબાન ચાર હિજરી.

આપની વિલાદત (જન્મ) મદીના મુનવ્વરામાં થઈ હતી.

આપ ઈમામ અલી અ.સ. અને ફાતેમા ઝહેરા સલા. ના બીજા સુપુત્ર હતાં.

આપના પરમ આદરણીય પિતા : હઝરત અલી અ.સ.

આપના પરમ અદરણીય માતા : હઝરત ફાતેમા ઝહેરા સલા.

આપના પરમ આદરણીય નાના : જનાબ રસૂલે ખુદા સ.અ.વ.

આપના પરમ આદરણીય નાની : જનાબ ખદીજતુલ કુબરા સલા.

આપના આદરણીય દાદાઃ જનાબ અબૂતાલિબ અ.સ.

આપના આદરણીય દાદીઃ જનાબ ફાતેમા બિન્તે અસદ સલા.

**નામ :** હુસૈન

**વિશેષ નામોઃ** (લકબો) સિબ્ત, શહીદ, તૈયબ, સૈયિદ.

**વંશવાચક નામ :** (કુનીયત) અબૂ અબદિલ્લાહ, અબુલ અઈમ્મા.

**શહાદત :** દસ મોહર્રમ (રોઝે આશૂરા) સન ૬૧ હિજરી, કરબલાએ મોઅલ્લા.

**ઉમર :** (આયુષ્ય) ૫૭ વરસ.

**ઈમામતનો કાર્યકાળ:** ૧૨ વરસ.

## આપની મહાનતા:

આપની મહાનતા અને પ્રતિષ્ઠા સિધ્ધ કરવા માટે માત્ર એટલું જ જણાવ્વું પુરતું છે કે રસૂલે ખુદા સ.અ.વ. એ આપને અને આપના ભાઈ ઈમામ હસન અ.સ. ને પોતાના સુપુત્રો ગણાવ્યાં છે. બંનેને પોતાના ખભે સવાર કર્યાં છે અને બંને ઈમામોને જન્નતના યુવાનોના સરદાર કહીને બિરદાવ્યાં છે ઈત્યાદી...

આપ અ.સ. એ આપના નાના ના દીનનું પોતાની અને પોતાના સાથીઓની શહાદત નું બલિદાન આપીને રક્ષણ કર્યું છે.

બાળપણમાં આપ એક વખત મસ્જિદમાં ગયા હતાં. ત્યારે જોયું કે નાના સ. અ. વ. નમાઝ પઢી રહ્યાં છે. જ્યારે રસૂલે ખુદા સ.અ.વ. સજદામાં ગયાં ત્યારે આપ અ.સ. રસૂલે ખુદા સ.અ.વ. ની પીઠ ઉપર બેસી ગયાં. રસૂલે ખુદા સ.અ.વ. એ પણ આપ અ.સ. ને પોતાની પીઠ ઉપરથી ઉતારી મૂક્યાં નહીં. અને જ્યારે આપ અ.સ. પોતાની મેળે ઉતરી ગયાં ત્યારે જ રસૂલે ખુદા સ.અ.વ. એ સજદામાંથી પોતાનું માથું ઉંચુ કર્યું.

વહાલા બાળકો ! આ પ્રસંગ પરથી આપણને એ બોધપાઠ મળે છે કે : આપના બાળપણ ની ગમ્મત પણ નમાઝને લંબાવી દેવાનું કારણ બનતી હતી. અને જેટલો સમય મનુષ્ય નમાઝમાં રહે તેટલો સમય તે ખુદા સમક્ષ હાજર રહે છે અને ખુદાની બારગાહમાં હાજરી તો સ્વયં એક મોટી પ્રતિષ્ઠા છે.

## એક પ્રસંગઃ

બાળપણમાં એક વખત ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. એ સ્લેટ માં (કાંઇ) લખ્યું અને જનાબ ફાતેમા ઝહેરા સલા. પાસે લાવ્યાં. અને કહેવા લાગ્યા કેઃ આદરણીય માતા! અમારા બંનેમાંથી કોના હસ્તાક્ષરો સારાં છે? આપ સલા. એ ફરમાવ્યું કેઃ "જાઓ આપ બંનેના પિતાજી અલી અ.સ. ને આ સવાલ કરો." બંને ભાઈઓ ઈમામ અલી અ.સ. પાસે આવ્યાં અને પ્રશ્ન કર્યો કેઃ "પિતાજી! અમારા બંનેમાંથી કોનું લખાણ સારૂં છે?" આપ અ.સ. એ પણ કોઈ ઉત્તર આપ્યો નહીં અને બંનેને રસૂલે ખુદા સ.અ.વ. પાસે મોકલી દીધાં. બંને ભાઈઓ નાના સ.અ.વ. પાસે આવ્યાં અને એ જ પ્રશ્ન પુછ્યો. આપ સ.અ.વ. એ પણ કાંઈ જવાબ આપ્યો નહીં અને ફરી પાછા જનાબ ફાતેમા સલા. પાસે જ મોકલી દીધાં. હવે ફરી બંને ભાઈઓએ અગાઉનો પ્રશ્ન કર્યો. આ પ્રસંગે જનાબ ફાતેમા સલા. એ પોતાના ગળાનો હાર ઉતાર્યો અને તેને તોડીને તેના મોતી જમીન ઉપર વિખેરી દીધાં અને કહ્યું આ મોતી વીણી લો, જે વધારે મોતી વીણી

લેશે તેનું લખાણ સારું હશે. બંને ભાઈઓ મોતી વીણવા લાગ્યાં, છેવટે એક મોતી વધ્યો. બંને ભાઈઓ તે મોતી ઝડપી લેવા આગળ વધ્યાં અને ત્યારે જ ખુદાએ જિબ્રઈલ અ.સ. ને કહ્યું કેઃ "જિબ્રઈલ! જલ્દી ભાગો! અને તે મોતીના તદ્દન સરખાં બે ટુકડા કરી દો." અને તે રીતે મોતી બે સરખા ટુકડામાં વહેંચાઈ ગયો. બંનેએ એક એક ટુકડો ઉપાડી લીધો, ને પછી જ્યારે બંને ના મોતી ગણવામાં આવ્યાં તો બંને પાસેથી તદ્દન સરખી સંખ્યામાં મોતી નીકળ્યાં. એનો અર્થ એવો તારવવામાં આવ્યો કે સુંદર અક્ષરોની બાબતે બંનેનું લખાણ સરખું જ સુંદર હતું.

**વહાલા બાળકો!**

આ પ્રસંગ ઉપરથી આપણને એવો બોધપાઠ મળે છે કેઃ

મનુષ્યએ (વધારે સારા પરિણામ માટે) સતત પ્રયત્ન કરતાં રહેવું જોઈએ અને નિર્ણયની બાબતે પોતેજ નિર્ણય ન લેતાં વડીલોની મદદ લેવી જોઈએ.

વડીલોને આદરપાત્ર ગણવા જોઈએ અને તેમના કહેવા પ્રમાણે વતવું જોઈએ.

ક્યારેય અભિમાન કરવું જોઈએ નહીં કે મેં જે કાર્ય કર્યું છે તે જ શ્રેષ્ઠ છે, પરંતુ વડીલો જે નિર્ણય લે તે સ્વીકારી લેવો જોઈએ.

# ઈમામે હુજ્જત અજ.

**આપનું પુણ્યશાળી નામઃ**

મીમ હે મીમ દાલઃ આપનું નામ લેવાની માઅસુમીન અ.સ. એ મનાઈ ફરમાવી છે. આપનું નામ અને રસૂલે ખુદા સ.અ.વ. નું નામ એક જ છે. આપનું વંશવાચક નામ (કુનીયત) અબુલ કાસિમ, અને આપના વિશેષનામો (લકબો) હુજ્જત, કાએમ, મહેદી, સાહેબુઝઝમાન છે.

❀આપનું પુણ્યશાળી જન્મઃ ૧૫ શાબાન ૨૫૫ હિજરી.

❀જન્મ સ્થાનઃ સામર્રાઅ

❀આપના પરમ પુજનીય પિતાઃ ૧૧માં ઈમામ હસને અસ્કરી અ.સ.

❀આપની આદરણીય માતાઃ જનાબ નરજીસ ખાતૂન. આપ ખુબ જ આદરણીય સન્નારી હતાં.

❀આપ ઈમામતની શ્રુંખલા ના બારમા (૧૨) અને ઈસ્મતની શ્રુંખલાના ૧૪માં વ્યક્તિ છે.

❀ગયબતે સુગરા (ટૂંકી મુદ્દત માટે નો ગુપ્તવાસ)

આપના જન્મને ગુપ્ત રાખવામાં આવેલ અને આપના જન્મ પછી પણ આપને લોકોની દ્રષ્ટી થી દૂર રાખવામાં આવ્યા હતાં. અને ૫ વર્ષની વયે આપ ગુપ્તવાસમાં ચાલ્યા ગયા હતા. કેટલાંક વ્યક્તિઓના કથન પ્રમાણે તો આપનો ગુપ્તવાસ નો આપના જન્મ પછી તરત જ પ્રારંભ થઈ ગયો હતો. અને તે પ્રમાણે ગણવા આપની ગયબતે સુગરા આપના જન્મથી લઈને ૭૦

વર્ષ ની વય સુધી ગણાય. આને ગયબતે સુગરા એટલા માટે કહેવામાં આવે છે કે આ દરમ્યાન ઈમામ અ.સ. પોતાના કેટલાંક ખાસ માણસોને મુલાકાત આપતા હતા. અને આ ખાસ વ્યક્તિઓ ને જ ઈમામ અજ. ના ખાસ નાયબ કહેવામાં આવે છે, કે જેમના માધ્યમ વડે ઈમામ અજ. પોતાના શિઆઓ (અનુયાયીઓ) ની સમસ્યાઓનું નિસકરણ કરતાં હતાં.

પરંતુ કેટલાંક લોકોનો દૃષ્ટીબિંદુ એવો છે કે ઈમામ અજ. ની ગયબત ઈમામ હસને અસ્કરી અ.સ. ની શહાદતથી શરૂ થયેલ. એ રીતે ગણતા ગયબતે સુગરાનો સમયગાળો ૬૯ વરસ છે.

❁આપના ખાસ નાએબો (નવાબે ખાસ)

❁અબુ અમ્ર ઉસ્માન બિન સઈદ ઉમ્રીઃ આપ ખુબ જ ઉચ્ચ દરજ્જાના મહાન સહાબી હતા. અને ઈમામ હાદી અ.સ. અને ઈમામ અસ્કરી અ.સ. ના પણ વકીલ (પ્રતિનીધિ) રહી ચુક્યાં હતા.

❁અબુ જાઅફર મોહમ્મદ બિન ઉસ્માન બિન સઈદ અમ્રીઃ આપ પ્રથમ નાએબના સુપુત્ર હતા અને ઈમામ એ અસ્ર અ.જ. ના ભરોસાપાત્ર સહાબી હતા.

❁અબુલ કાસિમ હુસૈન બિન રૌહ નવબખ્તીઃ આપને શિઆ અને સુન્ની (બન્ને ફિરકાઓ) માં આદરણીય માનવામાં આવે છે.

❁અબુલ હસન અલી બિન મોહમ્મદ અમ્રીઃ આપ પણ ઈમામ હાદી અ.સ. અને ઈમામ અસ્કરી અ.સ. ના ભરોસાપાત્ર સહાબી હતા.



### ❀ગયબતે કુબરા (દીર્ઘકાલીન ગુપ્તવાસ)

ચોથા નાએબના કાર્યકાળ પછી સને ૩૨૯ હિજરી થી ગયબતે કુબરા શરૂ થાય છે. (જે અત્યારે પણ ચાલે છે) આ ગયબતે કુબરામાં હવે કોઈ ઈમામ અજ. સાથે રૂબરૂ મુલાકાત કરી નથી શકતો. અને સામાન્ય નાએબીન ના માધ્યમ વડે સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવે છે કે જેમને મુજતહિદ, મરજએ તકલીદ કહેવામાં અવે છે.

### ❀આપની ફઝીલતોઃ

આપની ફઝીલતમાં ફકત એટલું જ પુરતું છે કે ઈમામ એ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કેઃ "જો હું તે યુગમાં હોત તો મેં મારું સમગ્ર આયુશ્ય તેમની સેવામાં વિતાવી દીધું હોત." ઈમામે સાદિક અ.સ. તો આપના પરમ પુજય પિતાજી હતા (તેમ છતાં) તેમણે આ ફઝીલત બયાન કરી છે.

### ❀શિઆઓ અને ઈમામ એ અસ્ર અજઃ

પોતાના શીઆઓ વિશે આપ અજ. એ ફરમાવ્યું છે કે જો હું એક ક્ષણ માટે પણ પોતાના શિઆઓની બાબતે બેદરકાર થઈ જાઉં તો આ જગત ઘંટીના બે પટ વચ્ચે ના ઘઉંના દાણાની જેમ તેમને દળી નાખશે.

ઈમામ પિતા હોય છે. અને કોઈ પણ પિતા પોતાના સંતાનોની બાબતમાં બેદરકાર રહેતો નથી, જો કે સંતાનો બેદરકાર થઈ જતાં હોય છે અને આજના યુગમાં સામાન્ય રીતે આ જોવા મળે છે કે જ્યારે સંતામો મોટા થઈ

જાય છે ત્યારે માતા-પિતાને તજી દઈને પોતાની મરજી પ્રમાણે જુદા રહેવા લાગે છે. આપણાં ઈમામ અજ. તો દરેક પળે અને દરેક ક્ષણે આપણને પોતાની છત્રછાયામાં જ રાખે છે. અને મુસીબતોમાં આપણું રક્ષણ પણ એવી રીતે કરે છે કે આપણ ને તેની ખબર પણ પડતી નથી.

❀આપની મુબારક વયઃ

આપની મુબારક વય ૧૨૦૦ વર્ષ કરતાં પણ વધારે થઈ ગઈ છે અને તેથી જ કેટલાંક લોકો ટીકા કરે છે કે કોઈનું પણ આયુષ્ય આટલું લાંબુ કેવી રીતે હોઈ શકે.

એવા લોકો માટે જવાબ એવો છે કે જે ખુદા જન્મ આપી શકે છે અને મૃત્યુ પણ આપી શકે છે તે જ ખુદા આયુષ્યને ખુબ વધારે પ્રમાણમાં લંબાવી પણ શકે છે.

તદ્ઉપરાંત ઈતિહાસમાં ઘણા એવા લોકોનું વર્ણન મળે છે કે જેમનુ આયુષ્ય ઈમામ અજ. થી પણ વધારે વર્ણવવામાં આવેલ છે. દા.ત. ઝુલકરનૈન ૩૦૦ વર્ષ, આદે કબીર ૩૫૦૦ વર્ષ, ઓજ બિન ઉનુક ૩૫૦૦ વર્ષ.

હઝરત ખિઝર, હઝરત ઈલિયાસ અને હઝરત ઈસા આજે પણ જીવંત છે.

તદઉપરાંત ઈતિહાસમાં એવા પણ ઘણી વ્યક્તિઓનો ઉલ્લેખ છે કે જેમની વય ૧૦૦૦ વર્ષ કે તેનાથી પણ વધારે હતી.

# પૃથ્વી અને તેની પેદાશો

ખુદાવંદે આલમે પોતાના એક નબી જ. સાલેહ અ.સ. વિશે વર્ણન કરતાં જણાવ્યું છે કે તેમણે પોતાની કૌમને કહ્યું "હે મારી કૌમ! અલ્લાહની ઈબાદત કરો કેમકે એના સિવાય તમારો કોઈ મઅબુદ (ઈબાદત કરવાને લાયક) નથી. તેણે જ તમને જમીન માંથી (માટીથી) ઉત્પન્ન કર્યા છે. અને તેના ઉપર જ (પૃથ્વી ઉપર) તમને વસાવ્યાં છે. તેથી તમે તેની સતત ક્ષમા યાચના કરો અને તેની સમક્ષ પ્રશ્ચાતાપ કરો. ખચીત મારો રબ (પાલનહાર) આપણાથી ખૂબ જ સમીય છે અને તે (દુઆઓને) કુબૂલ કરનાર છે." (સુરએ હૂદ, આયત ૬૧)

## હદીસો:

ઈમામ બાકિર અ.સ. ફરમાવે છે: મારા આદરણીય પિતાશ્રીએ મને ઘણી વખત ફરમાવ્યું છે કે સૌથી શ્રેષ્ઠ કાર્ય ખેતી કરવી તે છે. ખેતીની પેદાશને નેક અને ખરાબ બન્ને પ્રકારના લોકો ખાય છે. જ્યારે કોઈ નેક મનુષ્ય એને ખાય છે તો તમારા માટે ખુદાની ક્ષમા યાચના કરે છે અને દુષ્ટ મનુષ્ય ખાય છે તે વસ્તુ તેના ઉપર લાનત મોકલ છે અને ખેતીની પેદાવારથી પશુ પક્ષીઓ પણ લાભ મેળવે છે. (કાફી, ભાગ ૫, પાન નં ૧૬૦, હદીસ ૫)

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે ખુદાવંદે આલમે પયગમ્બરો માટે ખેતીવાડી (નુ કાર્ય) એટલા માટે પસંદ કર્યું છે કે આકાશમાંથી જે વરસાદ વરસે, પયગમ્બરો તેનાથી નારાજ ન થાય.

(કાફી, ભાગ ૫, પાન નં ૧૬૦, હદીસ ૧)

# ખાદ્ય પદાર્થો અને તેના ગુણધર્મ

## નાસપતીઃ




ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે

નાસપતી ખાવાથી જઠર મજબૂત થાય છે.

તેવી જ રીતે બીલાના ફળની પણ આ જ ખાસીયત છે

અને જઠરના ભારેપણાં ને હળવું કરવા માટે

બીલાનું ફળ નાસ્તામાં ખાવું વધારે લાભ દાયક છે.

(ઉસૂલે કાફી, ભાગ ૬, પાન નં ૩૫૮, હદીસ ૨)

## બેહી (બીલાનું ફળ)

ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કેઃ

બીલું ખાવાથી

હ્રદયની નબળાઈમાં ફાયદો થાય છે.

જઠરને શુધ્ધ કરે છે.

બીકણને નિડર કરે છે.

સંતાનોની સુંદરતાનું કારણ છે.

(તોહફુલ ઉકૂલ, પાન નં ૧૦૧)



# કમરે બની હાશિમ અ.સ. અને હમશબીહે પયગમ્બર અ.સ.

વહાલા બાળકો ! આ માસમાં બની હાશિમના વંશ (ખાનદાન)ના બીજા બે સૂર્ય અને ચંદ્ર પણ આ જગતમાં તશરીફ લાવ્યાં છે. એક બની હાશિમના ચંદ્ર એટલે કે અબુલ ફઝલિલ અબ્બાસ અ.સ. અને બીજા હમશબીહે પયગમ્બર એટલે કે અલી અકબર અ.સ.

## જનાબ અબ્બાસ અ.સ.

પુણ્યશાળી જન્મ :

૪ શાઅબાનુલ મોઅઝઝમ સને ર૬ હિજરી મદીના મુનવ્વરા.

નામ : અબ્બાસ અર્થાત બહાદુર સિંહ.

વંશવાચક નામ : (કુનીયત) અબુલ ફઝ્લ, અબુલ કુર્બા.

આપના પુણ્યશાળી પિતા : હઝરત અલી અ.સ. ઈબ્ને અબીતાલિબ અ.સ., શેરે ખુદા.

માતા : ઉમ્મુલ બનીન-બિન-હઝામ.

આપની ફઝીલતમાં એટલું કહેવું પુરતું છે કે આપ હઝરત અલી અ.સ. ની દુઆ અને અભિલાષા હતાં. આપ (હઝરત અલી અ.સ.) એ પોતાના ભાઈ અકીલને કહ્યું કે મારા લગ્ન અરબસ્તાનના સૌથી શુરવીર કુટુંબ (જ્ઞાતી-કબીલા) માં કરાવી દો. જેથી કરીને મારે ત્યાં એક એવો શુરવીર બાળક જન્મે જે કરબલામાં મારા (પુત્ર) હુસૈનને પડખે તેની ઢાલ બનીને ઉભો રહે.

બાળકો! જનાબ અબ્બાસ અ.સ. એ જન્મ પછી ન તો પોતાની આંખો ઉઘાડી હતી કે ન તો પોતાની માતાનું ધાવણ પીધું હતું. પરંતુ આપના જન્મ પછી જ્યારે ઈમામ હુસૈન અ.સ. એ તેમને પોતાના ખોળામાં લીધાં ત્યારે જ આંખ ઉઘાડી હતી અને ઈમામ હુસૈન અ.સ. એ પોતાની જીભ જનાબ અબ્બાસ ના મુખમાં આપી ત્યારે જ જનાબ અબ્બાસે ઈમામ અ.સ. ના મોઢાની લાળનું પોતાના પ્રથમ ખોરાક તરીકે આચમન કર્યું હતું.

ઈમામ હુસૈન અ.સ. એ ફરમાવ્યું કે : "બાબા! મને મારો આ ભાઈ અત્યંત પ્રિય છે." ત્યારે હઝરત અલી અ.સ. એ ફરમાવ્યું હતું કેઃ "હા મારી આંખોના પ્રકાશ! તમો શહીદોના સરદાર અને આ અલમદાર (ધ્વજધારી) છે.

ઈમામ હુસૈન અ.સ. આપને ખૂબ ચાહતાં હતાં અને જનાબ અબ્બાસ જ્યારે મોટા થઈ ગયાં તો આપ એટલા પ્રેમાળ હતાં કે બની હાશિમના બધાં જ બાળકો આપની જ ચારેકોર રહેતાં હતાં અને આપ પણ બાળકો સાથે બાળકોની જેમ જ રમતાં હતાં અને રમતાં-રમતાં જ તેમનું પ્રશિક્ષણ પણ કરતાં રહેતાં હતાં.

શહાદત : ૧૦ મોહર્રમ સને ૬૧ હીજરી

❁ મૌલાએ કાએનાત અ.સ. એ જે કાર્ય માટે આપની અભિલાષા કરી હતી તે કાર્ય આપ પોતાની શહાદતની ક્ષણ સુધી કરતાં રહ્યાં અને જ્યાં સુધી આપ જીવિત રહ્યાં ત્યાં સુધી આપે ઈમામ હુસૈન અ.સ. ઉપર ઉની આંચ પણ આવવા દીધી નહોતી અને આપનું અસ્તિત્વ અહલેહરમ માટે સાંત્વનાનું કારણ હતું. પરંતુ કરબલામાં જ્યારે પાણી લાવવા માટે આપ નહરે ફુરાત ઉપર ગયાં ત્યારે શત્રુઓ ઘેરી લઈ ને આપને શહાદ કરી દીધાં. આપની શહાદત થતાં ઈમામ હુસૈન અ.સ. એ ફરમાવ્યું હતું હાય! મારી તો કેડ ભાંગી ગઈ!

# હમશબીહે પયગમ્બર

(પયગમ્બર સ.અ.વ. જેવું મુખારવીંદ ધરાવનાર)

આપનું મુબારક નામ : અલી અકબર

આપનો મુબારક જન્મ : ૧૨ શાઅબાનુલ મોઅઝ્ઝમ

બાળકો! શું તમે જાણો છો કે આ કુટુંબમાં જન્મ લેનાર સંતાનો પૈકી પુત્રોના નામ અલી અને પુત્રીઓના નામ ફાતેમા રાખવામાં આવતા હતાં.

વંશવાચક નામ (કુનીયત) : અબુલ હસન.

આપના પરમપુજ્ય પિતાશ્રીઃ ઈમામ હુસૈન અ.સ. ઇબ્ને અલી અ.સ.

આપના આદરણીય માતા : ઉમ્મે લૈલા બિન અબી મર્રહ

આપનું વ્યક્તિત્વ ખૂબ જ ફઝીલતવાળું હતું. આપ સંપૂર્ણપણે અને દરેક રીતે રસૂલે ખુદા સ.અ.વ. ને મળતા આવતા હતા. આપનો મુખારવિંદ પૂનમના ચંદ્રમા જેટલો નૂરાની (પ્રકાશિત) હતો.

ઈમામ હુસૈન અ.સ. થી રિવાયત છે કે આપ અ.સ. એ જનાબ અલી અકબરને જોઈને ફરમાવ્યું હતું કે આમના કપાળ ઉપરથી તો નૂરે ઈમામત (ઈમામતનું નૂર) ઝળકી રહ્યું છે.

મુઆવિયાએ કહ્યું છે કે જો કોઈ ઈમામતને યોગ્ય હોય તો તે અલી અકબર છે.

આપે મૌલાએ કાએનાત અ.સ., ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. ના વચનામૃત (રિવાયતો) પણ બયાન ફરમાવી છે.

યુધ્ધ કળામાં આપ જનાબ અબ્બાસના શિષ્ય હતા.

શહાદતઃ ૧૫ મહોર્રમ સન ૬૧ હીજરી.

કરબલામાં આપ ઈમામ હુસૈન અ.સ. થી પહેલાં શહીદ થયાં હતાં. આપની શહાદતના પ્રસંગે ઈમામ હુસૈન અ.સ. એ ફરમાવ્યું હતું કે (મારા માટે) હવે આ જગતમાં જીવવાનો કોઈ સ્વાદ રહ્યો નથી.

# આપણાં નબી સ.અ.વ. ના સદ્ચારિત્ર ના દ્રષ્ટાંતો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## આયતે સલામનું નુઝુલ (નાઝિલ થવું-આવવું)

તફસીરે કુમ્મી માં છે કેઃ "જ્યારે આપ સ.અ.વ. ના અસહાબ આપની સેવા માં હાજર થતાં ત્યારે "અનઈમ સબાહન-વ-અનઈમ મસાઅન" (અર્થાતઃ સુપ્રભાત અને શુભરાત્રી) કહેતા હતાં. કે જે અજ્ઞાનતાના યુગ (દૌરે જાહેલિયત) નો સલામ હતો. ત્યારે ખુદા એ આ આયત નાઝિલ ફરમાવી "વ ઈઝા જાઊકા-હય્યૂવકા બેમા-લમ-યોહય્યિકા-બેહિલ્લાહો" (અર્થાતઃ અને (હે રસૂલ) જ્યારે લોકો તમારી પાસે આવે છે ત્યારે તમને એવી રીતે સલામ કરે છે કે જે પ્રમાણે ખુદાએ કહ્યું નથી) (સુરએ મુજાદિલાહ, આયત ૮)

ખુદાએ આ માટે શ્રેષ્ટ વિકલ્પ નક્કી કર્યો છે કે જે જન્નતના લોકો ની રીત છે. કે તેઓ આ રીતે સલામ કરે છે. તે પછી આપ હુઝૂર સ.અ.વ. એ ફરમાવ્યું "**અસ્સલામો અલૈયકુમ**"

(તફસીરે કુમ્મી, પાન નં ૨૩૫૫)



## સલામનો જવાબ વધારે સારો-વધારે શ્રેષ્ઠ હોવો જોઈએઃ

તફસીરે અબુલ ફુતૂહ (રહ) માં છે કેઃ

જ્યારે કોઈ મુસલમાન આપ હઝરત સ.અ.વ. ને આવી રીતે સલામ કરતો કે "**અસ્સલામો અલયકા**" ત્યારે આપ સ.અ.વ. આવી રીતે જવાબ આપતાં હતાં "**વ અલ્યકસ્સલામ-વ-રહમતુલ્લાહ**"

અને જ્યારે કોઈ આવી રીતે સલામ કરતો કેઃ "**અસ્સલામો અલ્યકા-વ-રહમતુલ્લાહ**" ત્યારે "**વ-અલ્યકસ્સલામ-વ-રહમતુલ્લાહે-વ -બરકાતોહ**"

એટલે કે આપ સ.અ.વ. સલામના જવાબ માં વૃધ્ધી કરીને સલામનો જવાબ આપતા હતાં. (મુસ્તદરક, પાન નં ૮૩૭૧)

(સુનનુન્નબી નામના પુસ્તક માંથી ચુંટી કાઢેલું)

# મોમિનની ૧૦૩ વિશેષતાઓ

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

૨૩.
મોમિન મધથી વધારે મધૂર અને પત્થરથી વધારે **સખ્ત** હોય છે.

૨૪.
મોમિન કોઈની ગુપ્ત વાતને જાહેર નથી કરતો અને કોઈની પણ બુરાઈને ઉઘાડી નથી પાડતો.

૨૫.
મોમિનનું ચાલ ચલણ અને તેનો વ્યવહાર **નમ્ર** અને વિવેકપૂર્ણ હોય છે.

૨૬.
મોમિનની મુલાકાત **મધૂર** હોય છે.

૨૭.
મોમિનની **ઈબાદત** ઘણી વધારે હોય છે.

૨૮. મોમિનનો
સન્માનીય દરજ્જો
ઊંચો હોય છે

૨૯.
મોમિનનું (લોકો સાથેનું)
હળવું-મળવું
નમ્રતાપૂર્ણ
હોય છે.

30.
મોમિનનું **મૌન**
દીર્ઘકાલિન હોય છે.
તે મોટા ભાગે
**મૌન** રહે છે.

૩૧. મોમિન સાથે જો કોઈ
**મુર્ખામી ભર્યો** વ્યવહાર કરે
ત્યારે પણ તે
**ધીરજ** રાખે છે.

૩૨.
મોમિનને જો કોઈ
**ભૂંડો કહે**
ત્યારે પણ તે
**ધૈર્ય** ધારણ કરે છે.

33.
મોમિન પોતાના વડીલને **માન** આપે છે
અને પોતાનાથી નાનાની પ્રત્યે **કૃપા** ધરાવે છે.

# હઝરત નૂહ અ.સ. અને ભયંકર પ્રલય

(હપતો ૧)

કુરઆને મજીદમાં ઘણી આયતોમાં જનાબે નૂહ અ.સ. નું વર્ણન મળે છે. કુલ ૨૯ સુરઓમાં આ મહાન પયગમ્બરનું વર્ણન છે અને તેમના નામનો ઉલ્લેખ કુરઆનમાં ૪૩ વખત થયો છે.

કુરઆનમાં આપના જીવનના વિવિધ તબક્કાઓની બાબતમાં ઝીણવટપૂર્વકની વિગતોનું વર્ણન મળે છે કે જે મોટા પ્રમાણમાં શિક્ષણ ઉછેરુ પ્રશિક્ષણ અને શિખામણો વિગેરે વિષયો સાથે સંબંધિત છે. ઈતિહાસકારો અને કુરઆનની વ્યાખ્યા કરનાર વિદ્વાનો (મુફસ્સેરીન) એ લખ્યું છે કે નૂહ અ.સ. નું નામ અબ્દુલ ગફ્ફાર અથવા અબ્દુલ મલિક અથવા અબ્દુલ આલા હતું અને તેમનું વિશેષ નામ (લકબ) "**નૂહ**" એટલા માટે પડયું કે તેઓ પોતાની કૌમના અવળે માર્ગે જવાની બાબતે અને આપના ઉપર જે અત્યાચારો ગુજારવામાં આવતા હતા અને આપને જે કષ્ટ પહોંચાડવામાં આવતું હતું તેને કારણે આપ વર્ષો સુધી શોકગ્રસ્ત રહ્યા હતા અને રૂદન કરતા રહેતા હતા.

આપના પિતાનું નામ "**લમક**" અથવા "**લામક**" હતું. આપના આયુષ્યની બાબતમાં પણ મતમતાંતર છે. કેટલીક રિવાયતોમાં આપનું આયુષ્ય ૧૪૯૦ અને કેટલીક રિવાયતોમાં ૨૫૦૦ વર્ષ જણાવવામાં આવેલ

છે અને તેમની કૌમ વિશે પણ લગભગ ૩૦૦ વર્ષ સુધીના લાંબા આયુષ્યના ઉલ્લેખ મળે છે. પરંતુ આપે ખૂબ લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું તે હકિકત તો સર્વસ્વિકૃત છે અને કુરઆનમાં જે વર્ણન છે તે પ્રમાણે આપ પોતાની કૌમની વચ્ચે ૯૫૦ વર્ષ સુધી રહ્યા હતાં અને ત્યાં દીનના પ્રચારમાં પ્રવૃત રહ્યાં હતાં.

નૂહ અ.સ.ના ત્રણ દિકરાઓ હતા. હામ, સામ, યાફિસ. ઈતિહાસકારોનો એવો મત છે કે પૃથ્વી ઉપરની સમગ્ર માનવજાતિનો વંશવેલો નૂહ અ.સ.ના આ ત્રણ પુત્રોને મળે છે. હામના વંશજો આફ્રીકા પ્રદેશમાં વસ્યાં છે. સામના વંશજો મધ્ય પૂર્વ અને પૂર્વ પાસેના પ્રદેશમાં વસ્યા છે અને ચીનની વસ્તી યાફિસના વંશજો પૈકી છે.

પ્રલય પછી જનાબે નૂહ અ.સ. કેટલા વર્ષ જીવતા રહ્યા તે વિશે પણ મતમતાંતર છે. કેટલાકના મત પ્રમાણે આ સમયગાળો ૫૦ વર્ષ છે ત્યારે કેટલાકના મત પ્રમાણે આ સમયગાળો ૬૦ વર્ષ છે.

નૂહ અ.સ. નો એક અન્ય પુત્ર કનઆન પણ હતો જે પિતાથી વિરૂધ્ધ થઈ ગયો હતો અને રક્ષા માટે તૈયાર કરવામાં આવેલ વહાણમાં તેમની સાથે બેસવા પણ એ રાજી નહોતો થયો. તેના ભાઈબંધો દુષ્ટ લોકો હતા અને તેણે નબુવતના કુટુંબની આબરૂને પણ બટ્ટો લગાડયો હતો. કુરઆનમાં જે વર્ણન થયું છે તે પ્રમાણે છેવટે તે પણ અન્ય કાફરોની જેમ પ્રલયમાં ડૂબી ગયો હતો.

આટલા લાંબા ગાળામાં કેટલા લોકો જનાબે નૂહ અ.સ. પર ઈમાન લાવ્યા હતા અને તેમના અનુયાયી બની ગયા હતા તે બાબતમાં પણ મતમતાંતર છે. કેટલાકે એવું લખ્યું છે કે ફકત ૭ વ્યક્તિઓ જ આપની ઉપર ઈમાન લાવ્યા હતાં અને કેટલાંકના મત પ્રમાણે જે લોકો વહાણ ઉપર સવાર થયા હતાં તે ૮૦ વ્યક્તિઓ જ ઈમાન લાવ્યા હતાં.

નૂહ અ.સ. ની દાસ્તાનનું વર્ણન એરેબીક અને ફારસી સાહિત્યમાં ખૂબ જ મોટા પ્રમાણમાં મળે છે અને તેમાં મોટે ભાગે તો પ્રલય અને રક્ષા માટે તૈયાર કરવામાં આવેલ આપના વહાણ (કશ્તિએ નજાત) નો ઉલ્લેખ મોટા પ્રમાણમાં થયેલ છે. નૂહ અ.સ. ધૈર્ય, અલ્લાહના શુક્ર અને દ્રઢતાનો એક ઉદાહરણ હતા. સંશોધનકારોનું કહેવું છે કે માનવજાતિના માર્ગદર્શન માટે વહિ (અલ્લાહ તરફથી પયગમ્બરો ઉપર આવતો સંદેશો, અલ્લાહની વાણી) ઉપરાંત બુધ્ધિ અને તર્કથી પણ સહાયતા લેતા હતા. અને તેને કારણે આપનો સમગ્ર જગતના અલ્લાહને માનનારાઓ ઉપર એક મહાન ઉપકાર છે.

**નૂહ અ.સ. ની કૌમની હ્યુદય-દ્રાવક આપવીતીઃ**

એમા શંકાને કોઈ સ્થાન નથી કે હઝરત નૂહ અ.સ. ના પોતાના યુગના ઘમંડી લોકો સાથેના સખત અને સતત યુધ્ધ (જેહાદ) અને તે ઘમંડી લોકોના ભૂંડા હાલ થવાની દાસ્તાન માનવ ઈતિહાસમાં એક ખૂબ જ મહત્વનું, ને જેમાંથી શિખામણ લઈ શકાય તેવું પ્રકરણ છે.

## યહૂદીઓના સ્ત્રોત :

અર્વાચીન તૌરેતમાં પણ નૂહ અ.સ. ના જીવન વૃત્તાંતની બાબતમાં વિગતવાર વર્ણન મળે છે. જો કે તે કુરઆનમાંના વર્ણન કરતાં જુદુ પડે છે અને તૌરેતમાં સુધારા વધારા કરવામાં આવ્યા છે તેની આ નિશાની છે. આ વર્ણન તૌરેતના પ્રકરણ તકવીનના પેટા પ્રકરણ ૬ થી ૧૦ માં મળે છે.

પહેલા તબક્કામાં કુરઆન તે મહાન પ્રચારકાર્યનું વર્ણન એવી રીતે કરે છે કે “અમે (અલ્લાહ એ) નૂહને તેમની કૌમમાં મોકલ્યા અને તેણે (નૂહએ) તેમને (પોતાની કૌમને) જણાવ્યું કે હું તો તદ્દન સ્પષ્ટ રીતે ડરાવનાર છું.” (સુરએ હૂદ, આયત ૨૫) તે પછી પોતાની રિસાલત વિશે ફકત એક વાક્યમાં કહેવામાં આવ્યું છે કે “મારો સંદેશો એ છે કે અલ્લાહ સિવાય બીજા કોઈની બંદગી (પૂજા) ન કરો.” પછી તરત જ એ પધ્ધતીથી જ બીક રાખવાને પાત્ર કઈ બાબત છે તેનું પૂનરાવર્તન કરતાં કહેવામાં આવ્યું છે કે “હું તો તમારા માટે તે અત્યંત કષ્ટદાયક દિવસ (કયામત) ની બાબતે બીક રાખું છું.” (સુરએ હૂદ, આ ૨૬)

આમ મૂળભૂત રીતેતો સર્વ નબીઓના દીનના પ્રચારનો પાયો અલ્લાહના એક અને એક માત્ર હોવા (તૌહીદ) અને તેની ઈબાદતનો છે.

હવે આપણે એ હકિકતનો અભ્યાસ કરીશું તે યુગના અહંકારી લોકો, માથાભારે લોકો અને ધનવાન અને શક્તિશાળી લોકોની આ તદ્દન સ્પષ્ટ ઘોષણાં અને દીનની આ મહાન દાવતની બાબતે સૌથી પહેલી પ્રતિક્રિયા શું હતી અને એ તો હકિકત છે કે જેવી રીતે દરેક યુગના અત્યાચારીઓની પધ્ધતિ છે તે રીતે તેમની પાસે પણ ભૂંડા અને જુઠા બહાનાઓ અને આધારહિન દલીલો સિવાય તેમની પાસે બીજું કાંઈ નહતું.

# ઈમામે ઝમાના અજ.ના સંદેશાઓ (વાણી)

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

૧૩. મોમેનીનની પરિસ્થિતિથી ઈમામ જાણકાર હોય છે.

ઈમામ મહેદી અજ. એ ફરમાવ્યું છે કેઃ "અમો તમારી પરિસ્થિતિની અને ગતીવિધીની સંપૂર્ણ જાણકારી રાખીએ છીએ અને તમારી કોઈ પણ વાત અમારાથી ગુપ્ત હોતી નથી."

૧૪. યાચના કરવા માટેનો સમય :

ઈમામ મહેદી અજ. એ ફરમાવ્યું છે કે : "જો કોઈ વ્યક્તિ ખુદાની બારગાહમાં અરજ ગુજારવા માંગતો હોય અને કાંઈ યાચના કરવા માંગતો હોય તો તેણે શુક્રવારની રાત્રી (શબે જુમ્આ) અડધી રાત્રી વિત્યા બાદ ગુસ્લ કરે અને ખુદાની બારગાહમાં પોતાની યાચના મૂકવા માટે પોતાની જાનમાઝ (મુસલ્લા) ઉપર બેસે અને પોતાની યાચના ખુદા સમક્ષ મુકે." (યાચના કુબૂલ થાય તે માટે આ સર્વશ્રેષ્ઠ પધ્ધતિ અને સર્વશ્રેષ્ઠ સમય હોય છે.)

૧૫. મોઅમેનીનની એક બીજા માટેની ગુનાહોની ક્ષમા યાચનાઃ

ઈમામ મહેદી અજ. એ ફરમાવ્યું છે કેઃ “જો તમારા પૈકી કેટલાંક લોકો બીજા અન્ય લોકો માટે ગુનાહોની ક્ષમા યાચના ન કરતાં હોત તો આ સમગ્ર પૃથ્વી ઉપરની માનવજાતિ નષ્ટ થઈ ગઈ હોત. પરંતુ ચોક્કસ અને અણીશુધ્ધ એવા શિઆઓ કે જેમનું ચારિત્ર તેમની વાણી સમાન હોય છે તે સિવાય.”

૧૬. હરામ કાર્ય અને હરામ ખોરાક વડે રોજો તોડવાનો કફ્ફારોઃ

ઈમામ મહેદી અજ. એ ફરમાવ્યું છે કેઃ “જો કોઈ વ્યક્તિ માહે રમઝાનનો રોજો ઇરાદાપૂર્વક હરામ કાર્ય (વ્યભિચાર) કરીને તોડે અથવા હરામ વસ્તુ ખાઈને તોડે તો તેના ઉપર ત્રણેય કફ્ફારાઓ ફરજીયાત (વાજીબ) થઈ જાય છે.” (એટલેકે રોજાની કઝા તરીકે કઝા રોજો તો રાખવો જ પડશે પરંતુ તદઉપરાંત ૬૦ રોજા રાખવા પડશે, ૬૦ ગરીબોને ભોજન આપવું પડશે અને એક ગુલામને આઝાદ પણ કરવો પડશે.)



# દુન્યા અને આખેરતના ફાયદા (ભલાઈ)




❀ પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કેઃ

ખુદાવન્દે આલમનો ઈર્શાદ છે કે જ્યારે હું કોઈ ના માટે દુન્યા અને આખેરતનું ભલું ઈચ્છું છું ત્યારેઃ

૧. તેના મનને બીક (ખુદાએ જે કાર્યો ને નિષિધ્ધ-હરામ કર્યાં છે તે કાર્યો થઈ ન જાય તેની બીક) થી ભરી દઉં છું.

૨. તેની જીભને ઝાકિર (ખુદાની યાદ-રટણ કરવાવાળી) બનાવી દઉં છું.

૩. તેના શરીરને વિટંબણાઓના પ્રસંગોએ ધૈર્ય ધારણ કરનાર બનાવી દઉં છું.

૪. અને તેને મોમિન સ્ત્રી (પત્નિ) આપું છું, કે જ્યારે તે તેને જુએ તો તેનું મન પ્રફુલ્લિત થઈ જાય અને જ્યારે તે ઘરની બહાર હોય ત્યારે તે માન-મર્યાદા અને આબરૂને સાચવે.

(કાફી ભાગ ૫, પાન નં ૩૨૭, હદીસ ૨)

❁ ઈમામ રિઝા અ.સ. એ ફરમાવ્યું છે કેઃ એક વ્યક્તિ એ ઈમામ કાઝિમ અ.સ. ની સેવામાં હાજર થઈ ને અરજ ગુજારી કે "મૌલા મને સંક્ષિપ્ત વાકયમાં જણાવો કે દુન્યા અને આખેરતનો લાભ શામાં છે?"

ઈમામ અ.સ. એ ફરમાવ્યું "ક્રોધ કરશો નહી."

(બિહારૂલ અનવાર, ભાગ ૭૩, પાન નં ૪૬૫, હદીસ ૧૩)

# જનાબ લુકમાનની શિખામણોઃ-

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## નમાઝનું ઉદાહરણઃ

હે મારા પુત્ર! નમાઝને કાયમ કરો. (નમાઝ નિયમિત રીતે પઢતાં રહો) નમાઝ દીનમાં તંબુના આધાસ્તંભની જેમ છે. જો આધાર સ્તંભ મજબૂતાઈથી ઉભો રહે તો તંબુના દોરડા-ખીલાઓ અને તેની છાયા ફાયદો પહોંચાડી શકે છે. જો આધાર-સ્તંભ જ ઉભો ન હોય તો તેના ખુંટાઓ દોરડાઓ કોઈ કામમાં હોતા નથી અને છાયા તો હોતી જ નથી.

(બિહારૂલ અનવાર, ભાગ ૧૩, પાન નં ૪૨૮, હદીસ ૨૩)

## જન્નતની દિશામાં:

હે મારા પુત્ર! આ જગતને પોતાના માટે કેદખાનું (જેલ) બનાવી લો જેથી કરીને આખેરતમાં તમારા માટે જન્નત હોય. (એટલે મુશ્કેલીઓ વેઠીને અલ્લાહની દરેક આજ્ઞા અને તેના દરેક કાયદા-કાનૂનનું સખ્તાઈ પૂર્વક પાલન કરો જેવી રીતે કેદખાના માં બંધક કેદીઓને જેલ નાતમામ કાયદાઓનું પાલન ફરજિયાત રીતે કરવું જ પડતું હોય છે તેમ.)

(બિહારૂલ અનવાર, ભાગ ૧૩, પાન નં ૪૨૮, હદીસ ૩૨)

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો,
આપેલ ચિત્રને ક્રમ પ્રમાણે રંગ પૂરીને
સુંદર બનાવો

**1 Blue  2 Brown  3 Yellow  4 Green  5 Red**







Printed and Published by: RIZVI MOHMED RAZA ABID HUSEIN on behalf of
HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST

**RNI No: GUJGUJ/2015/59960**

and Printed at Print Care, N.R. Estate, Tavdipura, Shahibaug, Ahmedabad–380 004
and Published from HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST
865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD – 382 440
Editor: RIZVI MOHMED RAZA ABID HUSEIN